ગાંધીનગર સમાચાર



# દિવાળી વેકેશન અને ઠંડીની મોસમ વચ્ચે નગરના જનજીવનમાં સન્નાટો

**કેવી રહી દિવાળી... પ્રશ્ન સર્વ સામાન્ય... : શાળા કોલેજો અને બજારો પણ બંધ હોવાની સાથે સરકારી કચેરીઓમાં પણ હજુ ખાલીપો : વાતાવરણમાં ગુલાબી ઠંડીનુ મોજુ**





ગાંધીનગર તા ૪

હેપ્પી ન્યુ યર... કેવી રહી દિવાળી... બહાર... ગયા હતા.. કે અહીં જ... આવા પ્રશ્નો સાથે સૌ કોઈ એકમેકને નવા વર્ષની શુભેચ્છા આપતા જોવા મળી રહયા છે. આમ તો ધનતેરસથી લઈ ભાઈબીજ સુધી દિવાળીના તહેવારોમાં સૌ કોઈ વ્યસ્ત અને મસ્ત હોય છે. પરંતુ પારિવારિક માહોલમાં ઉજવાતા આ તહેવારમાં શુભેચ્છાઓની આપ લે લાંબા સમય સુધી થતી હોવાથી વેપાર ધંધા કે સરકારી કચેરીઓમાં હજુ દિવાળીનો ફિવર જ છવાયેલો જોવા મળે છે. નગરના જનજીવનમાં પણ હજુ કોઈ ખાસ ચહલ પહલ જોવા મળતી નથી. વેપારીઓ પાંચમ કે સાતમના દિવસે મુહુર્ત કરતા હોવાથી મોટાભાગની દુકાનો બંધ છે. જયારે સરકારી કચેરીઓમાં પણ નવાવર્ષની શુભકામના પાઠવવા પુરતી જ કર્મચારીઓ હાજરી આપતા હોય તેમ ખાલીપો જોવા મળે છે.

શહેરમાં દિવાળીના પર્વ દરમિયાન બજારો ધમધમતા જોવા મળતા હતા. જયારે સરકારી કચેરીઓમાં પણ વિશેષ ધમધમાટ જોવા મળતો હતો. પરંતુ દિવાળી બાદ શહેરના જનજીવનમાં જાણે સુનકાર વ્યાપેલો જોવા મળે છે. એકબાજુ ઠંડીએ પણ વાતાવરણ પર પ્રભુત્વ જમાવતા સાંજ ઢળતા જ સેકટરોમાં સન્નાટો છવાઈ જાય છે. જયારે બજારો પણ બંધ હોવાથી કોર્મિશિયલ વિસ્તારમાં પણ કોઈ ચહલ પહલ જોવા મળતી નથી. નગરના ઘણાંખરા પરિવારજનો હજુ ટુર પર છે. શાળા કોલેજોમાં દિવાળી વેકેશન ચાલુ છે. ત્યારે નગરની સરકારી કચેરીઓમાં પણ હજુ દિવાળીના તહેવારોની અસર જોવા મળી રહી છે. નવા વર્ષના પ્રારંભે કર્મચારીઓ પણ એકમેકને શુભેચ્છા પાઠવી રજાના મુડમાં જોવા મળી રહ્યા છે. સરકારી કચેરીઓમાં દિવસ દરમિયાન મોટા ભાગે ખાલીપો જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૩૦માં નવી ટાવર કોલોની બાંધવામાં આવશે

**૪૪૮ નવા મકાનો તૈયાર કરાશે : સેક્ટર-૨૯ની પેટર્ન મુજબ જ ૧૨ નવા બ્લોક બાંધવામાં આવશે**

ગાંધીનગર તા ૪

સે-૩૦માં નવા સરકારી આવાસો બાંધવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. સે-૭ અને ૨૯ની જેમ સરકારી કોલોનીનુ નિર્માણ કરવામાં આવશે. આ ટાવર કોલોનીમાં ૧૨ બ્લોક બાંધવામાં આવશે. જયારે આ પ્રોજેકટ પાછળ રૂ ૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ સરકારી મકાનોની ઘટ પ્રવર્તી છે. સરકારી મકાન મેળવવા માટે તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ જગ્યા ખુલ્લી થતા આ ઠેકાણે નવી કોલોની બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જો કે આ કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. હાલ સે-૭ અને સે-૨૯માં કામ ચાલી રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૬૦થી વધુ ગામના ઈ.ગ્રામ સેન્ટરોનું અપગ્રેડેશન કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ૧૬૦થી વધુ ગામોના ઈ.ગ્રામ સેન્ટરોનું અપગ્રેડેશન કરવામાં આવશે.

જિલ્લા પંચાયત દ્વારા ૧ હજારથી વધુ વસ્તી ધરાવતા અને પાંચ હજારથી ઓછી વસ્તી ધરાવતા ૧૬૦થી વધુ ગામોના ઈ. ગ્રામ સેન્ટરોના અપગ્રેડેશન માટેની દરખાસ્ત રાજ્ય સરકારમાં કરવામાં આવી છે. ઈ.ગ્રામ સેવા કેન્દ્રોના અપગ્રેડેશન માટે રાજ્ય સરકારે કરેલા નિર્ણયને પગલે જિલ્લાતંત્ર દ્વારા આ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જેમાં હાલના ઈ.ગ્રામ સેન્ટરોની સેવાઓના અપગ્રેડેશન ઉપરાંત વધારાનું એક કોમ્પ્યુટર, પ્રિન્ટર તેમજ અન્ય સંશાધનો પુરા પાડવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ઈ.ગ્રામ સેવા કેન્દ્રો દ્વારા હાલ ઘણી બધી સેવાઓ આપવામાં આવી રહી છે. આ કેન્દ્રો દ્વારા આગામી દિવસોમાં બીટુસીની સેવાઓનો વ્યાપ પણ વધી શકે છે તેમ વિભાગના બિનસત્તાવાર સુત્રોનું કહેવું છે. ઈ.ગ્રામ કેન્દ્રો પરથી અપાતી સેવાઓમાં સુધાર આવે તે માટે પણ પગલાં લેવામાં આવી રહ્યાનું વિભાગના આ સૂત્રોએ જણાવ્યું છે.





પ્રવાસીઓ ઉમટ્યા - દિવાળી વેકેશનના પગલે અક્ષરધામ અને સેક્ટર-૨૮ના બગીચામાં છેલ્લા બે દિવસથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટે છે... ગાંધીનગરની આસપાસના વિસ્તારો સહિત ગુજરાતના અનેક શહેરો અને ગામોમાંથી અક્ષરધામ નિહાળવા ભાવિકો મોટી સંખ્યામાં આવે છે... સાથોસાથ સેક્ટર-૨૮ના બગીચામાં પણ અમદાવાદ-ગાંધીનગર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી મુલાકાતીઓ ઉમટે છે...

# કેન્દ્રીય ટીમ જિલ્લાના ગામોમાં આરોગ્યસેવાની ગુણવત્તા ચકાસશે

**સોમવારથી ગુરૂવાર સુધી ગ્રામ્ય વિસ્તારનો સઘન પ્રયાસ કરશે જ્યારે રવિવારે અધિકારીઓની હાજરીમાં સેવાઓ અને કામગીરીની સમીક્ષા કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩

ભારત સરકારના આરોગ્ય તંત્ર દ્વારા શનિવારથી ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ તેમજ ગુણવત્તાસભર સેવાઓ અને કેન્દ્ર રાજ્ય પુરસ્કૃત યોજનાઓના અમલીકરણની સમીક્ષા અને ચકાસણી હાથ ધરવામાં આવશે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ "કોમન રિવ્યુ મિશન" નામથી આ ટીમ ઓળખાશે અને તે ગાંધીનગર તેમજ નવસારી જિલ્લામાં જઈ તેમની કામગીરી કરશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૨૦ સભ્યો ધરાવતી આ ટીમ શનિવારે સવારે ગાંધીનગર આવી પહોંચશે. જે પહેલાં રાજ્યના આરોગ્ય કમિશનરને મળશે અને રાજ્યમાં ચાલતા વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો અંગેનું પ્રેઝન્ટેશન નિહાળશે. આ પછી ઉચ્ચ અધિકારીઓ સાથે બ્રિફીંગ મિટીંગ થશે.

● અનુસંધાન પાન-૭ પર

# મેયર સામેના પક્ષાંતર કેસની ૧૭મીએ સુનાવણી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલ સામે દાખલ કરાયેલ પક્ષાંતર ધારા ભંગની મુદત ૧૭મી નવેમ્બરના રોજ પડી છે.

આજે આ કેસની પ્રાથમિક સુનાવણી નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં હાથ ધરાઈ હતી. કોંગ્રેસ પક્ષ વતી વકીલ ચાંપાનેરી અને મેયરના વકીલ કમલનયન બ્રહ્મભટ્ટે રજુઆતો કરી હતી.

કોંગ્રેસ પક્ષ દ્વારા મેયરે રજુ કરેલા જવાબ સામે વળતુ સોગંદનામુ રજુ કર્યુ હતુ. આજે પક્ષ દ્વારા અપાયેલા વ્હીપને લઈ દલીલો થઈ હોવાનું જાણવા મળેલ છે. બન્ને પક્ષની પ્રાથમિક રજુઆતો બાદ નામનિર્દિષ્ટ અધિકારી પટેલે ૧૭મીએ આગળની આખરી સુનાવણી રાખી છે.

મળતા નિર્દેશો મુજબ આ માસના અંત સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર


સેવાકીય અને સંસ્કારલક્ષી કાર્યક્રમો થકી ગત ૨૩ વર્ષોથી કાર્યરત સામાજિક સંસ્થા

ભારત વિકાસ પરિષદ

ગાંધીનગર

તરફથી

સર્વે સભ્યો અને નગરજનોને દીપાવલી અને નૂતન વર્ષની શુભેચ્છા

દીપક પટેલ – મંત્રી

ચંદ્રકાન્ત રાવલ – પ્રમુખ



બહુજન સમાજ પાર્ટી

ગાંધીનગર જીલ્લાના સર્વજનોને દિવાળીની હાર્દિક શુભકામનાઓ અને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

રાષ્ટ્રીય અધ્યક્ષા સાંસદ(રાજ્યસભા) પૂ. મુખ્યમંત્રી ઉત્તર પ્રદેશ

પ્રવિણભાઈ વાઘેલા - ગાંધીનગર જિલ્લા પ્રભારી

ચિરાગ પરીખ - ગાંધીનગર જિલ્લા પ્રમુખ

રાજીવભાઈ પરીખ - ગાંધીનગર જિલ્લા મહામંત્રી

અમૃતભાઈ કાપડિયા - ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ

Join BSP

બ.સ.પા. માં જોડાવો.

મો. ૯૮૯૮૫ ૬૬૬૦૬

મો. ૯૫૫૮૦ ૯૯૪૮૮

મો. ૯૯૨૪૦ ૦૨૭૧૧



ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મધુર ડેરી, જી.આઈ.ડી.સી., 'ક' રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૦૭૯-૨૩૨૮૭૧૪૦

The Teste of Capital

॥ નૂતન વર્ષાભિનંદન ॥

ગાંધીનગ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે સંલગ્ન દૂધ મંડળીઓ તેમજ મધુર દૂધ-છાશ અને મધુરની અન્ય પ્રોડક્ટો વાપરનાર માનવંતા મધુર ગ્રાહકોને નૂતન વર્ષાભિનંદન

આવો મધુરની શુદ્ધ ઘી અને માવાની મધુર મીઠાઈઓના આસ્વાદથી આ નવા વર્ષને વધાવીએ. ફરીથી આપ સર્વેને નૂતન વર્ષાભિનંદન

: આપના સહૃદયી :

શ્રી રોહિત મહેતા – મેનેજીંગ ડિરેક્ટરશ્રી

શ્રી શંકરસિંહ રાણા – ચેરમેનશ્રી

તથા નિયામક મંડળના સભ્યશ્રીઓ



જોઈએ છે

મંડળીમાં દૂધ અને દૂધની બનાવટોના વિતરણની કામગીરી માટે હંગામી ધોરણે કર્મચારી જોઈએ છે. **શૈક્ષણિક લાયકાત :** કોઈપણ વિદ્યાશાખાનો સ્નાતક તેમજ કોમ્પ્યુટરનો જાણકાર. **ઉંમર :** ૧૮ થી ૩૦ વર્ષ. **પગાર ધોરણ :** મંડળી તરફથી વખતોવખત અમલમાં હોય તે મુજબનું પગાર ધોરણ મળવાપાત્ર રહેશે. અરજદારે શૈક્ષણિક લાયકાતના જરૂરી પુરાવા સાથેની અરજી પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડીને તા. ૧૨/૧૧/૨૦૧૬ સુધીમાં મંડળીની ઓફીસે નીચેના સરનામો પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮

સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com